

## હિંમતનગરની મદ્રેસા સ્કૂલમાં ગાંધી નિર્વાણ દિને ચિત્ર સ્પર્ધા યોજાઈ

સાબરકાંઠા જિલ્લાની હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલમા ંતા. ૩૦-૧-૧૫ શુક્રવારના રોજ ગાંધી નિર્વાણ દિનની ઉજવણીના સંદર્ભે શાળાના આચાર્ય ઝહુરએહમદ મુતવલ્લી સહિત તમામ શિક્ષક મિત્રો તથા વિદ્યાર્થીઓએ સવારે ૧૦.૦૦ કલાકે શાળાના કેમ્પસમાં સ્વચ્છતા સંદર્ભે શાળાની સફાઈ કરી હતી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને યાદ કરીને તેમના માનમાં ૨ મિનિટનું મૌન પાડવામાં આવ્યું. ત્યાર બાદ શાળાના વિદ્યાર્થીઓ તથા સ્ટાફમિત્રોએ સાથે મળીને શાળાના આ.સિ. બી.એચ. સુથાર સાહેબે સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા. ત્યાર પછી કાર્યક્રમને આગળ ધપાવતા શાળાના તમામ વિદ્યાર્થીઓને શાળાના શિક્ષક એમ.એમ. દેવલાએ સમગ્ર ચિત્ર સ્પર્ધાની ટુંકમાં રૂપરેખા આપી અને સ્વચ્છતા ચિત્રોનું પ્રેઝન્ટેશન કરેલ અને વિદ્યાર્થીઓને માહિતગાર કરેલ અને ચિત્ર સ્પર્ધાની સામગ્રી જેવી કે ડ્રોઈંગપેપર, ક્રેઓન કલર, સ્કેચપેન, કલર, ફૂટપટ્ટી, પેન્શીલ, રબર અને સંચાનું વિતણ પોતપાતના બ્લોકમાં શિક્ષક દ્વારા કરવામાં આવેલ હતુ. સમય સૂચકતાને માન આપી ૧૧.૧૫ કલાકે તમામ વિદ્યાર્થીઓ ચિત્રસ્પર્ધા માટે પોતાની સામગ્રી લઈને નક્કી કરેલ બેઠક વ્યવસ્થા મુજબ પોતાનું સ્થાન ગ્રહણ કરી પારદર્શક હરિફાઈની શરૂઆત કરી સમગ્ર કાર્યક્રમમાં હાઈસ્કૂલ વિભાગના ૫૯૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### વિકાસની વાતો કરતી ગુજરાત સરકારની વાસ્તવિકતા

# અરવલ્લી જિલ્લાની ૨૬ ગ્રામપંચાયતો મકાન વિહોણી

## સૌથી વધુ માલપુર તાલુકામાં ૧૦ પંચાયત પાસે મકાન નથી

(સમીર બલોચ) મોડાસા તા.૩

ગુજરાત નો વિકાસ ગામડાઓ થકી રહેલો છે આઝાદી ને ૬૬ વર્ષ વિતિ ગયા હોવા છતાં પણ આજે અરવલ્લી જિલ્લા ની કેટલીય ગ્રામપંચાયતો પાસે હજુ પોતાન મકાન નથી ત્યારે વિકાસ વિકાસ અને વિકાસ ના બણગા ફુકનાર ગુજરાત સરકાર ની એક નરવી વાસ્તવિકતા અહિયાં જોવા મળે છે.

ગ્રામપંચાયતો માં અનેક માળખાકિયા સુવિધાઓ પુરી પાડવામાં આવે છે ગામડાઓ માં ગ્રામપંચાયતમાં જ બેઠા દુનીયાભરની માહિતી મળી શકે તે માટે ની પણ ટેકનોલોજી વિકસાવવા માં આવી રહી છે. પરંતુ ભારત દેશ ને આઝાદી મળ્યા ના છ દાયકા વિતિ ગયા હોવા છતાં પણ અરવલ્લી જિલ્લા ની ૨૬ જેટલી ગ્રામપંચાયતો પાસે પોતાના મકાન જનથી અને હાલ આ પંચાયતો ભાડા ના કમાનો માં ચાલી રહી છે ત્યારે આ પંચાયતો ને સત્વરે જલ્દી થી મકાન ફરળવાય તેવી લોક માંગ ઉઠવા પામી છે.

અરવલ્લી જિલ્લો અલગ થતાં કરોડો રૂપીયા ના ખર્ચે વિવિધ કચેરીઓ તૈયાર કરવામાં આવી રહી છે અદ્યતન સુવિધાઓ ઉભી કરવા સાથે પ્રજાને વિવિધ સગવડો મળી રહે તે દિશામાં પ્રયત્નો થઈ રહયા છે. પરંતુ આ બધા ની વચ્ચે અરવલ્લી જિલ્લા માં ૨૬ જેટલી ગ્રામપંચાયતો પાસે પોતાના મકાન જ નથી આઝાદી ના આટલા વર્ષો બાદ દેશ ટેકનોલોજી ક્ષેત્રે હરણફાળ ભરી રહયો છે. ત્યારે જિલ્લામાં પંચાયતો પાસ પોતાનુ મકાન જ ન હોય તેનાથી મોટી દુર્દશા શુ હોઈ શકે???નવાઈ ની વાત તો એ છે કે જે પંચાયતો પાસે મકાન નથી અસ્તીત્વ માં આવી ત્યાર થી ભવન વિહોણી છે.

જયારે પોતાના મકાન નહોય તેવી જીલ્લામાં સૌથી વધુ પંચાયતો માલપુર તાલુકા માં આવેલી છે જયારે જીલ્લા માં અનેક પંચાયતો જર્જરીત હાલત માં છે પરીણામે આવી પંચાયતો પણ સર્વે કરી મકાનો બનાવવા માંગ ઉઠવા પામી છે.

આ અંગે વિરોધપક્ષ ના નેતા અરૂણભાઈ પટેલે જણાવ્યુ હતુ કે સરકાર એક બાજુ ગ્રામપંચાયતો ને સુવિધા થી સઝજ કરવાની વાતો કરી રહી છે ત્યારે અરવલ્લી જીલ્લા ની ૨૬ જેટલી ગ્રામપંચાયતો મકાન વિહોણી છે સત્વરે આ પંચાયતો ના મકાન ફાળવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## રૂદ્રમાળા ગામના મહાદેવ મંદિરે ત્રિવિધ મહોત્સવ યોજાયો

ખેડબ્રહ્મા, તા.૩

ખેડબ્રહ્મા તાલુકાના રૂદ્રમાળા ગામે રૂદ્રેશ્વર મહાદેવ મંદિરનો પ્રથમ પાટોત્સવ, સત્સંગ મેળાવડો તથા પંખીઘરનું ઉદઘાટન એમ ત્રિવિધ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના પાટોત્સવની મહાપુજામાં જશુભાઈ જગુભાઈ પટેલ-દોલજીભાઈ જેઠાભાઈ પટેલ, સુરેશભાઈ પુંજાભાઈ પટેલ તથા ધુળાભાઈ હીરાભાઈ પટેલ સહીત ૧૦ યજમાનોએ ધર્મલાભ લીધો હતો. આ પ્રસંગે ગોધમજીના શ્રીમદ જેશીંગ બાવજીના ભક્ત મંડળના ભજન અને સત્સંગનો મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ લાભ લીધો હતો. આ પ્રસંગે પંખીઘરનું ઉદઘાટન પણ કરવામાં આવ્યું હતું.

## મોડાસાના મણીપુરકંપા પાસે બાઈકચાલકને બચાવવા જતાં પજેરો કાર પલટી : ચાર ઈજાગ્રસ્ત

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના જીવણપુર ગડાધર માર્ગ પર બાઈક ચાલકને બચાવવા જતા પજેરો



(તસવીર : જય અમીન, મોડાસા)

કારના ડ્રાઈવરે ગાડી પરનો કાબુ ગુમાવી દેતાં એસ.યુ.વી. કાર પલટી ખાઈ ગઈ હતી. જેમાં સવાર ચાર લોકોને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યારે માર્ગ પરથી પસાર થતા ઘેટાના ટોળાને અડફેટે લેતા બે ઘેંટાના સ્થળ પર જ મૃત્યુ નિપજ્યા હતા.

મોડાસા તાલુકાના જીવણપુર ગડાધર માર્ગ પર સોમવારે સાંજે મુંબઈના બોરીવલ્લી ઈસ્ટના સીધ્યાર્થનગરમાં રહેતા પરિવાર ઉદયપુર ફરવા ગયો હતો. ઉદયપુરથી મુંબઈ પરત આવી રહેલા આ પરિવારની પજેરોકાર ગડાધરથી જીવણપુર તરફના માર્ગ પર પુરઝડપે પસાર થઈ રહી હતી ત્યારે મણીપુરા કંપાની સીમમાં માર્ગ પરથી પસાર થતા બાઈક ચાલકને બચાવવા જતા સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી રોડ પરથી પસાર થઈ રહેલા ઘેંટાના ટોળઆને ટકરાઈ રોડ સાઈટ પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતના પગલે મણીપુરકંપાના રહીશો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને અકસ્માતનો ભોગ બનેલા ઈજાગ્રસ્ત પરિવારના લોકોને તાત્કાલિક અન્ય ખાનગી વાહન દ્વારા મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યારે સીમમાંથી ઘેંટાના ટોળાને ચારો ચરાવી સાંજના સમયે પરત ફરી રહેલા ભરવાડના બે ઘેંટા ઘટનાસ્થળે મૃત્યુ પામ્યા હતા અને કેટલાક ઘેટાઓ કારની અડફેટના કારણે ઈજાગ્રસ્ત બન્યા હતા.

## હિંમતનગરમાં ઈલેક્ટ્રીકલ્સની દુકાનમાંથી ૧.૮૦ લાખની ચોરી

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરના સહકારી જીન ચાર રસ્તે આવેલ મેડીસ્ટાર હોસ્પિટલની સામે આવેલ પરમેશ્વર ઇલેક્ટ્રીકલ્સ નામની દુકાનમાંથી ૨૨મી જાન્યુઆરી થી ૨૭મી જાન્યુઆરીના સમયગાળામાં બેટરીના સેલ નંગ ૬૦ કિંમત રૂ. ૧.૮૦ લાખના ચોરી થઇ ગયા અંગે મંગળવારે પેઢીના માલિક સંદીપભાઈ સુરેશભાઈ નાથાણીએ સ્ટોક ગણતરી કરતા માલુમ પડતા તેમણે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

## મોડાસાની કશ્યપ સોસાયટીમાં ગેસની બોટલ સળગતા અફડાતફડી

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં માલપુર રોડ પર આવેલી કશ્યપ સોસાયટીના એક મકાનમાં આજે સવારે અચાનક ગેસ સ્ટવ ચાલુ કરવા જતાં ગેસની બોટલે આગ પકડી લેતા બોટલ ભડકે સળગવા લાગી હતી. આ ઘટનાના કારણે પરિવારના સભ્યોનો જીવ તાળવે ચોંટી ગયો હતો. જયારે મકાન માલિકે હિંમતપર્વક સમયસૂચકતા વાપરતા મોટી દુર્ઘટના ટળી જવા પામી હતી.

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી કશ્યપ સોસાયટીમાં રહેતા અને મોડાસા આઈ.ટી. આઈ.માં ફરજ બજાવતા કૌશીકભાઈ ઉપાધ્યાયે આજે સવારે પોતાના મકાનમાં ચા બનાવવા માટે ગેસ સ્ટવ લાઈટરની મદદથી સળગાવવા જતા હતા ત્યારે અગમ્ય કારણોસર ગેસની બોટલે પણ આગ પકડી લીધી હતી અને ગેસની બોટલ લબકારા મારતી અગનજ્વાળાઓ સાથે સળગવા લાગી હતી. જેથી ઘરમાં રહેલા સભ્યોનો જીવ પડીકે બંધાયો હતો ત્યારે કોઈ મોટી દુર્ઘટના બને તે



(તસવીર : જય અમીન, મોડાસા)

પહેલા મકાન માલિક કૌશીકભાઈ ઉપાધ્યાયે બહાદુરીપૂર્વક સળગતી બોટલને ઘરની પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં ખસેડી દીધી હતી અને તુરંત જ ઘરના પાણીના ટાંકામાંથી ૨૦૦૦ લીટરથી વધારે પાણીનો મારો ચલાવી ગેસની બોટલમાંલાગેલી આગને બૂઝાવવામાં સફળતા મળી હતી. ગેસની બોટલમાં લાગેલી આગને બુઝાવવામાં સફળતા મળતા પરિવારના સભ્યોએ રાહતનો શ્વાસ લીધો હતો. અને પરિવારના સભ્યોએ ભગવાનનો પાડ માન્યો હતો. અને ઘરમાં મોટી દુર્ઘટના ટળતાં હાશકારો અનુભવ્યો હતો. આજુબાજુના રહિશોએ કૌશીકભાઈની હિંમતને દાદ આપી હતી.

## પાલનપુર ખાતે ગતિશીલ ગુજરાત અંગે બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૩

પાલનપુર ખાતે કલેકટરશ્રી દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને ગતિશીલ ગુજરાતની બેઠક યોજાઈ હતી. જેમાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત દરેક કચેરીઓને ફાળવાયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં આવાસો, સ્વાવલંબન, નિરાધાર વૃધ્ધ પેન્શન, જમીન માપણી, જૂથ રચના, બેંકો સાથે જોડાણ, પશુપાલન, દૂધ મંડળીઓને મકાન બાંધવા સહાય, પ્લોટ ફાળવણી, રોપ કેન્દ્ર, આદિજાતિ, આંગણવાડી, દૂધ સંજીવની, મા કાર્ડ અને મા વાત્સાલય કાર્ડ, જનની સુરક્ષા, ૩,૦૦,૦૦૦ નવા શૌચાલય બનાવવા, રૂર્બન -ેજેક્ટ, રોજગાર ભરતી, સુરક્ષા સેતુ, નર્મદા કેનાલ સફાઈ, માઈક્રો ઈરીગેશન, વીજ જોડાણ, તળાવો ઉંડા કરવા અને મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન વગેરેમાં થયેલ કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે.પટેલ, પોલીસ અધિક્ષકશ્રી ડી.બી.વાઘેલા, -ાન્ત અધિકારીશ્રીઓ સહિત તમામ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાંતીવાડા તાલુકાના જેગોલ ગામમાં કેબીન સળગાવતા એક સામે ફરીયાદ

### ફરીયાદ લેવા બાબતમાં જેગોલ બીટ જમાદાર અન્ય પોલીસકર્મી સાથે બાખડ્યા

દાંતીવાડા, તા. ૩

દાંતીવાડા તાલુકાના જેગોલ ગામમાં જીવન-જરૂરીયાતોની વસ્તુઓના કેબીનને સળગાવી દેવામાં આવ્યું, નુકસાનનો ભોગ બનનાર પરિવારે આઠ દિવસ પહેલા તંગ આવી પોલીસને જાણ કરી હતી, પરંતુ પોલીસ તપાસમાં માથા ભારે સખ્સને કસો ફરક ન પડ્યો અને આખરે કેબીન સળગાવી ખાખ કરી દીધું, આજ રોજ પોલીસ દ્વારા ફરિયાદ લીધા અગાઉજ આરોપીને કસ્ટડીમાં પૂરી દેવાયો !

જેગોલ ગામના રાજુભાઈ મણાભાઈ ઉગ્માંતર નામનો યુવાન પોતાના ગામમાં નાનું કેબીન બનાવી જીવન-જરૂરીયાતોની વસ્તુઓ વેચી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે , પરંતુ પોતાના ધંધામાં શ્રવણભાઈ પુનમાજી જેગોલા નામનો સખ્સ અવારનવાર ઉધારમાં વસ્તુઓની માંગણીઓ કરતો હોઈ રાજુભાઈએ ઉધારમાં આપવાની ના પાડતા ઉસ્કેરાયેલ શ્રવણે કેબીન પર ઉભેલ સકભાજીની હાથ લારી ઉંધી પડી દીધી હતી, આ સમગ્ર બાબતની જાણ કેબીન માલિક રાજુભાઈએ જેગોલ બીટના જમાદાર



જેન્તીભાઈને કરી અને તેમને અરજી લખી તપાસ કરવાની વાત કરી ,અને અરજી આપ્યાના આઠ દિવસ બાદ ગત રાત્રીના ૧.૩૦ વાગ્યાના સમયે આરોપી શ્રવણ દ્વારા કેબીન સળગાવી દેવાયું છે, જેના પગલે આજે રાજુભાઈએ દિવસે ૧૨ સમયે દાંતીવાડા પોલીસ મથકે ફરિયાદ નોધાવી છે, જેમાં પોલીસે ૩૦ હજાર નું માલ-સામાન અને ૧૦ હજારનું કેબીન જે કુલ મળી ૪૦ હજારના નુકસાનો ગુનો નોધી ફરિયાદ લીધી છે અને તેમને જણાવ્યું હતું કે ફરિયાદ લેવા બાબતમાં બે પોલીસ કર્મીઓ વચ્ચે ઘર્ષણનો માહોલ સર્જાયો હતો, અને બાદમાં ફરિયાદ લેવામાં આવી હતી.

## રાયગઢના વૈજનાથ મહાદેવ મંદિરે ૨૧ ફુટ ઉંચું શિવલિંગ બનાવ્યું

હિંમતનગર, તા. ૩

શિવરાત્રીને લઈને ૭૦૦ વર્ષ પુરાણા રાયગઢના વૈજનાથ મહાદેવ મંદિરે ૨૧ ફૂટ ઉંચું મહારુદ્ર શિવલિંગને ગ્રામજનોની લોકભાગીદારીથી આખરી ઓપ અપાઈ રહ્યો છે જેમાં રુદ્રાક્ષ પરોવીને ભક્તજનો મેળવે છે શિવભક્તિનો આનંદ.....

વાત છે સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના રાયગઢ ગામની સીમમાં જંગલ વિસ્તારમાં અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે અને -તાપસાગર નજીક ૭૦૦ વર્ષ પુરાણું સ્વયંભુ શિવલિંગ છે જે વૈજનાથ મંદિર તરીકે ઓળખાય છે. જે વૈજનાથ મહાદેવ મનોકામના પૂર્ણ કરે છે તેથી બન્યું છે ગામ લોકોની આસ્થાનું કેન્દ્ર... આ ગામના યુવકો ગત વર્ષે અમદાવાદના જોધપુર ટેકરા ખાતે આવેલ ઓમકારેશ્વર મહાદેવ મંદિરે દર્શને ગયા હતા. જયાં ૧૮ ફૂટનું રુદ્રાક્ષનું શિવલિંગ બનાવેલું હતું જેને લઈને યુવકોએ સંકલ્પ કર્યો અને લાગી ગયા ગ્રામજનો શિવભક્તિમાં અને શરુ કર્યુ રુદ્રાક્ષ પરોવીને ભક્તિ સાથે આનંદ મેળવવાનું એ પણ શિવ ભજનો સાથે... નેપાળ અને બનારસથી લવાયેલા છે પંચમુખી રુદ્રાક્ષ. ૨ લાખ ૫૧ જેને પરોવાય છે ૨૫ કિલો ગેલ્વેનાઈઝના તારમાં અને બનાવ્યા છે રુદ્રાક્ષનો હાર... જે હારને ૨૧ ફૂટ ઉંચું બનાવેલ શિવલિંગ પર વીટવાની શરૂઆત કરીને આખરી ઓપ અપાઈ રહ્યો છે. રુદ્રાક્ષ પરોવવાની કામગીરી બે મહિનાથી ચાલી રહી છે. રુદ્રાક્ષ પરોવવા માટે ગામના શિવભક્તો, યુવકો, મહિલાઓ અને વડીલો દિવસ દરમિયાન પોતાના અનુકુળ સમયે મંદિરમાં આવે છે અને મેળવે છે રુદ્રાક્ષ પરોવીને શિવ ભક્તિનો આનંદ. આ ૨૧ ફૂટ ઉંચું શિવલિંગ બનાવવા માટે ૭ ટ્રેક્ટર ઈંટો, ૧ ટ્રક રેતી અને ૬૦ થેલી સિમેન્ટ વાપરવામાં આવ્યો છે.

**૨ લાખ ૫૧ હજાર પંચમુખી રૂદ્રાક્ષોથી આખરી ઓપ અપાઈ રહ્યો છે**

આ ભવ્ય ૨૧ ફૂટ ઉંચું મહારુદ્ર શિવલિંગ શિવરાત્રીએ વહેલી સવારે ચાર -હરની પૂજાથી ખુલ્લું મુકવામાં આવશે. ત્યાર સવારે મંગળા આરતી, બપોરે મહાભોગ આરતી, સાંજે મહાસંધ્યા આરતી અને રાત્રે શિવરાત્રી આરતી સહીત પૂજન અર્ચન કરવામાં આવશે અને હજારો લીટર દુધાભિષેક કરવામાં આવશે. આ એક દિવસ નહિ પરંતુ શિવરાત્રીથી પાચ દિવસ સુધી આ પૂજા અર્ચન અને અભિષેક કરવામાં આવશે. હાલ લગભગ ૧૫ ફૂટ સુધી રુદ્રાક્ષની બનાવેલી માળા વીટવામાં આવી છે અને કામ ચાલુ છે શિવરાત્રી પૂર્વે આબેહુબ અરવલ્લીના ડુંગરો વચ્ચે મહારુદ્ર શિવલિંગ બિરાજમાન થશે. આ વર્ષે શિવરાત્રીએ આ મહારુદ્ર શિવલિંગ આકર્ષણનું કેન્દ્ર બની રહે તો નવાઈ નહિ કારણ કે આ સ્થળનું વાતાવરણ નયનરમ્ય છે.

## બનાસકાંઠામાં સ્વાઈન ફલુને અટકાવવા તંત્રની બેઠક યોજાઈ

### સામાન્ય શરદી, ખાંસી કે તાવ આવે તો બીજાના સંપર્કમાં આવવાનું ટાળો અને ડૉક્ટરનો તાત્કાલીક સંપર્ક કરો

પાલનપુર, તા. ૩

સામાન્ય શરદી, ખાંસી કે તાવ આવે તો ઘરના અન્ય વ્યક્તિના સંપર્કમાં આવ્યા સિવાય સીધો જ ડૉકટરનો સંપર્ક કરો. સ્વાઈન ફ્લૂથી ગભરાવવાની જરૂર નથી. પરંતુ સમયસર સારવાર ખુબ જરૂરી છે. બનાસકાંઠા જિલ્લામાં સ્વાઈન ફ્લૂને વધતો અટકાવવા પાલનપુર મુકામે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે.પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં આરોગ્ય વિભાગના અધિકારીઓએ માહિતી આપતા જણાવ્યું હતુ કે સ્વાઈન ફ્લૂની કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા આરોગ્ય તંત્ર સજ્જ બન્યું છે. અને તેના માટે પુરતા -માણમાં દવાઓ પણ ઉપલબ્ધ છે. જિલ્લામાં સ્વાઈન ફ્લૂના સામાન્ય લક્ષણ વર્તાય તેવા દર્દીઓ ઉપર ચાંપતી નજર રાખી આરોગ્ય તંત્ર કામ કરી રહ્યું છે. ડી.ડી.ઓ.શ્રી એચ.કે.પટેલે અધિકારીઓને સુચના આપતા જણાવ્યું કે જિલ્લામાં કયાંય પણ સ્વાઈન ફ્લૂનો શંકાસ્પદ કેસ જણાય તો ઈમીજેટલી સારવાર શરૂ કરી વહીવટીતંત્રને જાણકારી આપવી. જેથી આ ચેપને આગળ ફેલાતો ઝડપથી અટકાવી શકાય. તેમણે કહ્યું કે સ્વાઈન ફ્લૂના શંકાસ્પદ દર્દી આવે તો તાત્કાલીક તેનો રિપોર્ટ કરવો અને સ્વાઈન ફ્લૂના લક્ષણો જણાય તો ઝડપથી તેને રિફર કરી જરૂરી સારવાર પુરી પાડવી. રિપોર્ટ કરવા માટે અમદાવાદ સોલા અને બી.જે.મેડીકલ કોલેજના સતત સંપર્કમાં રહી સમયસર રીપોર્ટ મેળવી તે -માણે સારવાર આપીએ. બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અરુણ આચાર્ય, સીવીલ સર્જનશ્રી એસ.એન.પટેલ, ડૉ.સુરેન્દ્ર ગુપ્તા, ડૉ.મયંક શાહ, ડૉ.હસમુખ જોષી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.આર.આર.પરમાર સહિત સી.એચ.સી અને પી.એચ.સી.ના ડૉકટરો ઉપસ્થિત રહ્યા હતા.

### સ્વાઈન ફ્લૂથી બચવા આટલી કાળજી રાખો

ઉધરસ કે છીક આવે ત્યારે તમારૂ મોઢું અને નાક રૂમાલ કે કપડાથી ઢાંકી દો. નાક, આંખ કે મોઢાને અડકતા પહેલા અને પછી તમારા હાથ વારંવાર ધોવાનું રાખો. વારંવાર નાકને હાથ લગાવશો નહી.. તમને તાવ હોય અથવા ઉધરસ અને છીક આવ્યા કરતી હોય તો ઘણા લોકો એકઠા થાય એવી ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહો... અને આવી જગ્યાએ જવાનું ટાળો. તમને તાવ ઉધરસ ગળુ ખરાબ શ્વાસ લેવામાં તકલીફના લક્ષણ વર્તાય તો ડૉક્ટરની પાસે તપાસ કરાવો અથવા નજીકના -ાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ



ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦